| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૧૦ | ૦૫ | ૨૦૨૪ |
| **રજી.તારીખ** | ૧૦ | ૦૫ | ૨૦૨૪ |
| **ફેસલ તારીખ** | ૦૬ | ૦૪ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં. ૫૯૦/ ૨૦૨૪**

**આંક-૨૧**

**ફરીયાદી** – શ્રી સરકાર
જામજોધપુર પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૨૦૨૦૨૬૨૩૦૯૭૧/૨૦૨૩

**વી.**

**આરોપી** – **(૧) પ્રકાશભાઇ યશવંતભાઇ જોષી**
રહે.સુરાપુરા વાળી શેરી જુની મેઇન માર્કેટ મારૂતી પાન પાસે માંડવી ચોક, તા.પડધરી, જિ.રાજકોટ
**(૨) મુકેશભાઇ નાગજીભાઇ ડાકી**
રહે. રામ મંદીરની બાજુમાં કોળીવાસ
તા.પોરબંદર, જિ. પોરબંદર

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(ઇ),૧૧૬(બી), ૮૧, ૯૮(૨)**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એન.એચ.લાલાણી |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૨૭–૧૨–૨૦૨૩ ના રોજ કલાક ૦૩:૩૦, વાગ્યાની આસપાસ વાસજાળીયા ગામ પાસે આવેલ નદીના પુલ પર રોડ પર આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબ્જામા રહેલ ફોરવ્હીલ ગાડી મા ભારતીય બનાવટના ઈગ્લીશ દારૂના અલગ અલગ બ્રાંડની બોટલો તથા ચપલા નંગ–૯૪ કી.રૂ. ૩૮,૦૦૦/– તથા એક વોક્સવેગન કંપનીની જેટા ફોરવ્હીલ ગાડી જેના રજી.નં. જીજે–૦૧–કેક્યુ–૦૦૪૪ જેની કિ.રૂ. ૩,૦૦,૦૦૦/– તથા બે મોબાઇલ ફોન જેની કી.રૂ. ૧૨,૦૦૦/– મળી કુલ મુદામાલ કી.રૂ. ૩,૫૦,૦૦૦/– સાથે ઈગ્લીંશ દારૂના વેચાણ કરવાના ઈરાદે રાખી હેરાફેરી કરી રેઈડ દરમ્યાન બંને ઇસમો પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી તેમજ પ્રોહી મુદામાલ કબજે લઇ મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેને સી.આર.પી.સી. કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૬ અને ૦૭ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | મહેન્દ્રભાઇ ચંદુભાઇ કડીવાર | ૦૯ |
| ૨ | ત.ક.અ | વિરેન્દ્રસિંહ પરબતસિંહ જાડેજા | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| | | | |
| ૩ | ફરીયાદી | દીલીપસિંહ વાઘુભા જાડેજા | ૧૩ |
| ૪ | પંચ સાહેદ | મુનાભાઈ રામાભાઈ ખાંભલા | ૧૫ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૧૦ |
| ૨ | ફરીયાદ | ૧૨ |

(૪) ત્યાર બાદ પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭-૧૨-૨૦૨૩ ના રોજ કલાક ૦૩:૩૦, વાગ્યાની આસપાસ વાસજાળીયા ગામ પાસે આવેલ નદીના પુલ પર રોડ પર આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબ્જામા રહેલ ફોરવ્હીલ ગાડી મા ભારતીય બનાવટના ઈગ્લીશ દારૂના અલગ અલગ બ્રાંડની બોટલો તથા ચપલા નંગ-૯૪ કી.રૂ. ૩૮,૦૦૦/- તથા એક વોક્સવેગન કંપનીની જેટા ફોરવ્હીલ ગાડી જેના રજી.નં. જીજે-૦૧-કેક્યુ-૦૦૪૪ જેની કિ.રૂ. ૩,૦૦,૦૦૦/- તથા બે મોબાઈલ ફોન જેની કી.રૂ. ૧૨,૦૦૦/- મળી કુલ મુદામાલ કી.રૂ. ૩,૫૦,૦૦૦/- સાથે ઈગ્લીંશ

દારૂના વેચાણ કરવાના ઈરાદે રાખી હેરાફેરી કરી રેઈડ દરમ્યાન બંને ઈસમો પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી તેમજ પ્રોહી મુદામાલ કબજે લઈ મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ),૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## :: નિર્ણયો ::

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

૭.૧ ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અ.શ્રી વિરેન્દ્રસિંહ પરબતસિંહ જાડેજા તેઓની આંક–૧૧ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૨૭/૧૨/૨૦૨૩ ના રોજ અમો તથા પો.કો.દીલીપસિંહ જાડેજા એ રીતેના પોલિસ સ્ટાફના માણસો ક.૨૩:૦૦ થી નાઈટ રાઉન્ડમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૦૨:૩૦ વાગ્યે સતાપર ગામ પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે વાંસજાળીયા ગામ તરફથી એક સફેદ કલરની ફોરવ્હીલ કાર અંગ્રેજી દારૂનો જથ્થો લઈને આવે છે જે હકીકત ના આધારે તુરત જ બે રાહદારી પંચોને બોલાવી વોચમાં હતા ત્યારે ઉપરોકત વર્ણનવાળી કાર આવતા ક.૩:૩૦ વાગ્યે સામેથી એક ફોરવ્હીલ ગાડી આવતા રોકી જોતા રજી નં. જીજે ૦૧ કેકયુ ૦૦૪૪ વાળી હોય જેમાં બે ઈસમો બેઠેલ હોય તેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ પ્રકાશભાઈ યસવંતભાઈ જોષી રે.પડધરી જી.રાજકોટ વાળો હોવાનુંજણાવેલ. તથા નં.૨ નું નામ પુછતા પોતે પોતાનું નામ મુકેશભાઈ રામજીભાઈ ડાકી રે.પોરબંદર વાળો

હોવાનું જણાવેલ. મજકુર ઇસમોને સાથે રાખી કારની ઝડતી તપાસ કરતા ડેકીમાંથી ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની અલગ અલગ બ્રાન્ડની શીલબંધ બોટલ નંગ-૯૪ કિમત રૂ.૩૮૦૦૦/- ની મળી આવેલ હોય જે રાખવા બદલ પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જેમાંથી એક સેમ્પલ બોટલ તરીકે રાખેલ તથા એક પો.સ્ટે.રીઝર્વ તરીકે રાખેલ અને પંચનામાની વિગતે પંચો રૂબરૂ પંચનામું કરી સાથેના પો.ઇન્સ. વાય.જે.વાઘેલા સા.એ કબ્જે કરેલ. જેથી મજકુર બંને આરોપીઓ વિરુધ્ધ કાયદેસર થવા સાથેના પો.કો.દીલીપસિંહ વાઘુભાએ ફરીયાદ આપેલ. જે ફરીયાદ આંક- ૧૨ થી રજુ છે. સદર ગુનો રજીસ્ટર કરી તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઇ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ.મુદામાલ એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે મોકલેલ. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ઇન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર વિસ્તાર છે અને માણસોની તથા વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પંચોની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ નથી.એ વાત ખરી નથી કે આવા કોઇ આરોપીઓ મુદામાલ સાથે મળી આવેલ ન હોય ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેની ફરીયાદ ને સમર્થન આપવા ખોટી તપાસ કરી ચાર્જશીટ કરેલ.

૭.૨ ફરીયાદપક્ષે સાહેદ ફરીયાદી દીલીપસિંહ વાઘુભા જાડેજા તેઓની આંક- ૧૩ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૨૭/૧૨/૨૦૨૩ ના રોજ અમો તથા પો.હેડ કો.વી.પી. જાડેજા એ

રીતેના પોલિસ સ્ટાફના માણસો ક.૨૩:૦૦ થી નાઈટ રાઉન્ડમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૦૨:૩૦ વાગ્યે સતાપર ગામ પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે વાંસજાળીયા ગામ તરફથી એક સફેદ કલરની ફોરવ્હીલ કાર અંગ્રેજી દારૂનો જથ્થો લઈને આવે છે જે હકીકત ના આધારે તુરત જ બે રાહદારી પંચોને બોલાવી વોચમાં હતા ત્યારે ઉપરોકત વર્ણનવાળી કાર આવતા ક.૩:૩૦ વાગ્યે સામેથી એક ફોરવ્હીલ ગાડી આવતા રોકી જોતા રજી નં. જીજે ૦૧ કેકયુ ૦૦૪૪ વાળી હોય જેમાં બે ઈસમો બેઠેલ હોય તેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ પ્રકાશભાઈ ચસવંતભાઈ જોષી રે.પડધરી જી.રાજકોટ વાળો હોવાનું જણાવેલ. તથા નં.૨ નું નામ પુછતા પોતે પોતાનું નામ મુકેશભાઈ રામજીભાઈ ડાકી રે.પોરબંદર વાળો હોવાનું જણાવેલ. મજકુર ઈસમોને સાથે રાખી કારની ઝડતી તપાસ કરતા ડેકીમાંથી ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની અલગ અલગ બ્રાન્ડની શીલબંધ બોટલ નંગ-૯૪ કિમત રૂ.૩૮૦૦૦/- ની મળી આવેલ હોય જે રાખવા બદલ પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જેમાંથી એક સેમ્પલ બોટલ તરીકે રાખેલ તથા એક પો.સ્ટે.રીઝર્વ તરીકે રાખેલ અને પંચનામાની વિગતે પંચો રૂબરૂ પંચનામું કરી સાથેના પો.ઈન્સ. વાય.જે.વાઘેલા સા.એ કબ્જે કરેલ. જેથી મજકુર બંને આરોપીઓ વિરુધ્ધ કાયદેસર થવા સાથેના અમોએ ફરીયાદ આપેલ. જે ફરીયાદ આંક- ૧૨ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર વિસ્તાર છે અને માણસોની તથા વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી નથી કે પંચોની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ નથી.એ વાત ખરી નથી કે આવા કોઈ આરોપીઓ મુદામાલ સાથે મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ.

૭.૩ આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદો ને

તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદો જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળમાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી તેમને ફરી ગયેલા જાહેર કર્યા બાદ તેમની ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષ પંચનામા સંબંધે કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્ધામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદ ને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામા ને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

૭.૪ આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

૭.૫ આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા તપાસવામાં આવેલ પોલીસ સાહેદો ફરીયાદપક્ષની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોએ તેઓની હાજરીમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પંચનામાની વિગતે પ્રોહી મુદામાલ આરોપીઓના કબ્જામાંના ફોરવીલ વાહનમાંથી કબ્જે કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોવા છતા સ્વતંત્ર અને તટસ્થ સાક્ષીઓના નિવેદનો લેવાયેલ નથી. આ કેસના એકમાત્ર સ્વતંત્ર અને તટસ્થ ગણી શકાય એવા પંચોનું ફરીયાદપક્ષના કેસને સમર્થન સાંપડેલ નથી. કબજે કરાયેલ મુદ્દામાલ ખરેખર અંગ્રેજી દારુ હોવા બાબતે એફ.એસ.એલ. નો આધાર રજુ કરાયેલ નથી. વધુમાં આ

કામે કબજે કરેલ ઈંગ્લીશ દારુનું વર્ણન ફરીયાદમાં તથા પંચનામામાં કરેલ છે તે મુદ્દામાલ બનાવનાર કંપની કે વ્યકિતના નિવેદનો નોઘેલા ન હોય, આરોપીઓ ના કબજામાંથી પ્રોહીબીશન અંગેનો મુદ્દામાલ મળી આવેલ છે તે પુરવાર થયેલું માની શકાય નહી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો ૧૯૯૨(૨) જી.એલએચ. (યુ.જે) પાના નં. ૨૦, ગુલાબભાઈ રણછોડભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જો મેન્યુફેકચરને તપાસવામાં આવેલ ના હોય તો એ માની શકાય નહી કે, કબજે કરેલ ઈંગ્લીશ દારુની બોટલોના લેબલ ઓરીઝનલ હતા કે કેમ ? બોમ્બે પ્રોહી. એકટની કલમ–૧૧૬(બી) મુજબ પ્રીઝપ્શન ડ્રો કરવા માટે ફરીયાદ પક્ષે એ પુરવાર કરવું પડે કે, દારુની સીલબંધ બોટલ ઉપર લેબલ જે ફેમસ બ્રાન્ડના ધરાવતા હોય, તે અસલ હોવા જોઈએ. જયાં સુધી લેબલ અસલ હતા તેવું રેકર્ડ ઉપર ન આવે ત્યાં સુધી પ્રિઝપ્શન ડ્રો કરી શકાય નહી. જયારે પ્રિજપ્શન ડ્રો ના થઈ શકે અને કેમીકલ એનાલાઈઝરનો કોઈ પુરાવો ન હોય ત્યારે બોમ્બે પ્રોહી. એકટની કલમ–૬૫ એઈ. મુજબ કોઈ સજા કરી શકતા નથી. આ કામે પ્રોહી.ના ગુનામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલ–૨ ૧૧.૨૬, જી.એલ.એચ.(૧)ના ચૂકાદામાં પણ જો પંચો હોસ્ટાઈલ થઈ ગયેલા હોય તો પણ તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આ કામે પ્રોહી.ના ગુનામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલ–૨ ૧૧.૨૬, જી.એલ.એચ.(૧)ના ચૂકાદામાં પણ જો પંચો હોસ્ટાઈલ થઈ ગયેલા હોય તો પણ તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે. આમ, અંગ્રેજી દારુ હોવાનું માની લેવામાં આવે તો પણ તે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે આરોપી

નં.૧ અને ૨ વેચાણ અર્થે હેરાફેરી કરતા હોય અને ઈગ્લીશ દારૂ કેની પાસેથી મેળવેલ હોય, એકબીજાની મદદગારી કરી હતી તે અંગેનો પણ કોઈ લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. તે રીતે મુદ્દામાલ સાથે આરોપીઓને સાંકળવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી માટે મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** કરવામાં આવે છે. મુદ્દા નં.૧ ના નિર્ણયને આધીન મુદ્દા નં.૨ ના નિર્ણય તરીકે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપી : **(૧) પ્રકાશભાઈ યશવંતભાઈ જોષી,** રહે.સુરાપુરા વાળી શેરી જુની મેઈન માર્કેટ મારૂતી પાન પાસે માંડવી ચોક, તા.પડધરી, જિ.રાજકોટ **(૨) મુકેશભાઈ નાગજીભાઈ ડાકી** રહે. રામ મંદીરની બાજુમાં કોળીવાસ તા.પોરબંદર, જિ. પોરબંદર સી.આર.પી.સી.કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ),૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો નિયમોનુંસાર નાશ કરવો તથા તે સિવાયનો અન્ય મુદ્દામાલ અરજદારની માંગણીથી વેરીફાઈ કરી અપીલ સમય બાદ નિયમાનુંસાર પરત કરવો. આ સિવાયના મુદ્દામાલ કાર અથવા મોબાઈલ ફોન અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અન્યથા અપીલ સમય વિત્યેથી તેના ખરા માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ સી. આર. પી. સી. ની કલમ– ૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો

હુકમ કરવામાં આવે છે.

(૪) સદર ચુકાદો આરોપીઓની ગેરહાજરીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ શરદ જેઠાલાલ સાવલા તથા સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ ની જોગવાઈ અન્વયે જાહેર કરવામાં આવેલ છે.

હુકમ આજરોજ તા. ૦૬ ઠ્ઠી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૦૬–૦૪–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો